જુલમી-જેશ

નાટકના ગ

શ્રી આર્ય ની

છપાવી પ્રસિ

માલેક-શ્રી આર્ય

આ ચોપડી મળ

પોરબ

શ્રી આર્ય નીતિદર્શક નાટક સમાજ.

જુલમી-જેશળ

નાટકના—ગાયનો.

રચનાર

સમાજ,

છપાવી પ્રસિદ્ધ કરનાર

એ. એ પીતલવાલા માલેક

ધી "તઇયબી પ્રિન્ટીંગ પ્રેસ' જકરીઆ મસીદ પાસે—**મુંબાઇ.**

આવૃતી ૧ લી પ્રત ૩૦૦૦

ઇ. સ. ૧૯૧૫ વિ. સ. ૧૯૭૧

કીંમત રૂા. ૦-૨-૦ (બે આના)

સમજ.

સોરાષ્ટ્રના મધ્યબિંદુ કચ્છ અને અંજાર રાજ્યના ફટાયા કુવર જેસલની ગેરવર્તણુકથી ત્યાંના અધિષ્ટાતા અને રાજ્યના માલીક તેના વડીલ બંધુ સગ્રામસિંહ તરફથી તેની વર્તણુક સુધારવા જેશલને દેશવટો આપે છે આથી ઉશ્કેરાઇ જઇ જેસલ આસપાસના પ્રદેશમાં બહારવટુ ચડ કરી ગરીબ પ્રજાને હૃદયભેદક ત્રાશ આપી અનેક રાક્ષસી જુલ્મહત્યાઓ કરે છે પરંતુ તેટલેથી સંતોશ નહી પામતા વદેશના અપમાનની આગથી સળગતો તે પોતાના ભાઇ પ્રત્યે વેર લેવાના એક નિશ્ચયપર આવી વેર લેવાની તરકટી યુકિત રચી વડીલ બન્ધુને પોતાની ભયંકર માંદગીના સમાચાર કહાવ્યા જેથી જુલમી લુંટારો કીવા બહારવટીયાના ઉપનામથી અંકીત થયેલ જાલીમ જેસલની તદન પ્રપંચી અને બનાવટી વાતપર બંધુપ્રેમી ભોળો રાજા વિશ્વાસ રાખ. સ્વપત્ની સાથે ભાઇની ખબર પુછવા જેશલ કને આવે છે ત્યાથી આ નાટકની શરૂઆત થાય છે.

જુલ્મી જેસલ નામે ખેલના મુખ્ય પાત્રો

પુરૂષ પાત્રો

જેશલ . . ...કચ્છ, ભુજ અંજારનો નામાંકિત ધાડારો જે પહેલાનો ક્રુર પણ પછીથી સતિ તોરલના ઉપદેશથી બનેલો પરમ ભક્ત

સંગ્રામસિંહ ... જેશલનો મોટો ભાઇ.

માલદેવ . સોરઠ નગરનો રાજા (મયંકનો પિતા)

મયંકસિંહ .. .. રાજા માલદેવનો પુત્ર (કુમુદિનીનો ભાવિ થનાર પતિ.)

સાંસતીયો ... તોરલનો પતિ, (એક ખંડીઆ રાજા) વેસ્યા યારી પછીથી સતિના ઉપદેશથી સુધરેલ

બહાદુરસિંહ જેશલનો નિત્ય સલાહકાર સરદાર

મલરાજ . . .. માલદેવનો સેનાધિપતિ

સરદારસિંહ .. ... કુમુદિનો વફાદાર સરદાર

ધીર ... શ્રેષ્ઠ મતિનો એક શ્રીમંત વણીક (પાછળથી સતિના હાથે સુધરેલ)

રૂપાનંદ . તોરલનો ગુરૂ

લાલીયો .. સુથારનો ભત્રીજો

લક્ષ્મીદાસ ... .લક્ષ્મીનો લોભી મહંત
મુકતાનંદ .. . ...લક્ષ્મીદાસનો અજ્ઞાની શિષ્ય
અભેદરામ ... .અખડાનંદનો જ્ઞાની શિષ્ય,
નંદશંકર . ... એક ભ્રષ્ટ મતિનો બ્રાહ્મણ,

સ્ત્રી પાત્રો.

સતિ તોરલ . · સાસતીયાની ધર્મ પત્નિ સતિત્વની સાક્ષાત મુતિ
કુમુદિની . .. રાણી સમરેશ્વરીની પુત્રી
સમરેશ્વરી ... . સમરગઢની રાણી
ફુલાદે ... ...માલદેવની રાણી (મયકસિંહની માતા)
મદનિકા . ..સાશતિયાની માનીતિ નાયકા પાછળથી અખડાનંદન શીષ્ય અભેદરામના હાથે સુધરે છે
ચંપક .. ..મદનીકાના દાસી
રૂપાંદે.. ... શ્યામસિંહની સ્ત્રી(જેશલની ભાભી)
ઉજળી . ... .. એક વાણીયણ

નિપુણીકા
તરલીકા
કલના
ગુણવતિ
} સતિ તોરલની સખીઓ

દરબારીઓ, લુટારા, નોકરો, સાધુઓ, દામીયો, વારાંગનાઓ વિગેરે વિગેરે (સ્થળ, સિન્ધ કાઠીયાવાડ કચ્છના)

ૐ પરમાત્મને નમઃ

જુલમીજેશલ નાટકનો ટુંકસાર.

સુત્રધાર-ઇશ્વર સ્તુતી, વસ્તુ સુચન—બાળાઓને મુખે સતીત્વનુ ગુણગાન

પ્રવેશ ૧—પહાડી વન પ્રદેશ-જેશલ પોતાના બાહારવટીયા સાથીઓ સાથે શસ્ત્ર પુજન કરી રહયો છે, બાદ, પ્રથમનુ પોતાના વડીલ ભાઇ સગ્રામસીંહ તરફથી થએલા અપમાન બદલ માંદગીનુ બાહાનુ કરી ભાઇને મળવા બોલાવી તેની સ્ત્રી રૂપાદે સાથે આવતા મેલ૫ પુર્વના અપમાનનો ક્રોધાગ્ની પ્રજવલીત થતા ભાઇ ભોજાઇનુ ખુન કરી ખુશી થાય છે તેવામા વણીક લોકોની જાન આવતા લુંટ ચલાવી પુષ્કળ પઇસા મળવાથી આનંદ માની દેવીને પ્રસન્ન કરવા ભાઇ ભોજાઇના બલીદાન ઉપરાંત ડુગરો પર દાવાગ્નિ સળગાવી ઉત્સવ માને છે

પ્રવેશ ૨—બાવાનો મઠ લક્ષ્મીદાસ નામનો ઢોંગ મહંત-લક્ષ્મી ઉડાવવની લાલસાથી, સંસારી સ્ત્રી પુરૂષોને માદિની વસીકરણ વગેરે કરી આપી ઉજળી નામની સ્ત્રી ઉપર આશક્ત પડે છે તેનો શીષ્ય નુકતાનદ ગુરૂની ભ્રષ્ટ બુધ્ધિથી ગુરૂનો તીરસ્કાર કરે છે. અને તેની પાસેથી મેળવેલુ ખાનગી ધન પડાવી લેવાની તજવીજ કરે છે તેમા સધીર નામનો ઢોંગ વણીક તથા તેનો મિત્ર નંદગ કરને કાશીની પત્રીકાનો વેશ સાધુને સમજાવી ભરમાવી, સાધુ લક્ષ્મીદાસપાસેથી પઇસા લઇ ચીઠીલખી આપી પોતાના ભત્રીજા લાલીયા સાથે વણીક વિદ્યાના

ઉસ્તાદી જણાવે છે ને નદશ કરને હાથ તાળી આપી પસા એકલો પચાવી લઇ જાય છે.

પ્રવેશ ૩—સતી તોરલ પોતાના ખાનગી. મહાલયમા ભજન કીર્તન ગાય છે, સખીયોને સતી ધર્મનો ઉપદેશ સમજાવે છે મળવા આવેલી પોતાની મસીની પુત્રી, કુમુદીનીને, નીતી જ્ઞાન વીગેરે સમજાવે છે, તેવામા તેનો વ્યભીચારી સ્વામી સાસતીયો શીકાર રમી પ્રવેશ કરે છે સતી સ્વામીને નીરપરાધી પશુ પખીને વધ નહી કરવાનો ઉપદેશ આપે છે, છતાં ઉધ્ધત સાસતીયો તોરલનો તીરસ્કાર કરી મદનીકા નામની રાખેલ વેસ્યાને પોતાના મકાને તેડાવે છે, ત્યા પ્રેમ આનદના વ્યભીચારી ઉદગારો કહાડનો મદનીકા સાથે મદ્યપાન કરે છે ત્યા સતિનો સદુપદેશ આખરે દુખદી પતી ઘરનો ત્યાગ કરી ચાલ્યો જાય છે

પ્રવેશ ૪—સતી તોરલના બગીચામા કુમુદીની સખીઓ સાથે હાસ્ય વીનોદ કરે છે તેવામા સારભ નગરના માલવદેવ રાજાનો કુમાર મયક રસ્તામા થાક લાગવાથી બગીચામા વીરામ લેવા પ્રવેશ કરતા કુમુદીની તથા મયકનો મેલાપ, પ્રેમ દર્શન તથા પરસ્પર પ્રેમ વચન આપી મનથી વરી વચન લઇ કુમાર મયક તથા કુમુદીની પોતપોતાને સ્વદેશ જવાના વીચારથી જુદા પડે છે

પ્રવેશ ૫—મદનીકા ગુણકાના મકાનમા સાસતીયો તથા તેના મીત્રોની ગમ્મત, ગુણકાની દ્રવ્ય હરણ કરવાની કળા, મોરલીનો નાચ, એકાએક સર્પ નીકળી સાસતીયાને ડંશ કરતા તોરલના સ્વામીનુ મર્ણ, સ્વાર્થી મીત્રો સાસતીયાને મુએલો સમજી નાસી જાયછે, સ્વાર્થી ગુણકા મદનીકા તે લાસને ખડેરમા નોકરો સાથે ઉપડાવી નાંખી દેવડાવે છે

પ્રવેશ ૬—જંગલમાં સરદરસિંહ, પોતાના નોકરો સાથે કુમુદીનાને સ્વદેશ તરફ રથમાં બેસાડી ચાલ્યો જાય છે. તેવામાં જેસલ તથા તેના મીત્રો આવી કુમુદનીનું રક્ષણ કરનાર સરદારસીંહ ને ઠાર કરી, કુમુદનીને કબજે કરી પોતાની ગુફામાં લઇ જાય છે.

પ્રવેશ ૭ જુના ખંડેરમાં—સાસતીયાને બેશુધ્ધ સ્થિતીમાં મંદનિકકાની દામીઓ નાખી ચાલી જાયછે ત્યા સતીતોરલ પોતાની સખીઓ સાથે સ્વામી શોધમાં આવે છે મર્ણ પામેલા સ્વામીને જોઈ, સતી અપાર શોચ કરી શ્રી જ્યોતી નારાયણનું સ્મર્ણ કરે છે પ્રભુ ભકિતના પ્રતાપથી, સતીના સતીત્વથી સર્પનું ઝેર ઉતરી જાય છે અને સાસતીયો નવીન જીવન પામે છે, પોતાની આવી અધમ સ્થીતીનો વીચાર આવતાં સતીનો ઉપકાર માની થયેલી ભુલનો પશ્ચાતાપ કરી સાતતીયો સુધરેછે સતી તોરલ નવીન સસ્કારો થી સુધરેલ પતીને સાથે લઇ પોતાના ગુરૂ અખંડાનંદ પાસે ઉપદેશ અપાવવા લઇ જાય છે

પ્રવેશ ૮—ઠગ સાધુ લક્ષ્મીદાસનો શીષ્ય મુકતાનંદ ગુરૂને ઠાર કરી પસા પડાવી લેવા માટે રગની ચલમમાં ઝેરી બુટ્ટી ભરી પાય છે ગુરૂ પોતાનો અંત સમય પાસે આવતાં મુકતાનંદ શીષ્યને પૈસાની થાપણ સંઘીર શેઠને ત્યા છે તેમ કહે છે બાદ સધીરનું આવવું સધીર ભત્રીજા લાલીયાને ચાવ૧ી વાપરવાનું સમજાવી, સાધુને લખી આપેલી ચઠ્ઠીને પરસાદ સમજાવી સર્વના દેખતાં ચીઠ્ઠી ચાવી ખાય છે, મુકતાનંદ ચેલો તથા સાધુ લક્ષ્મીદાસ હાથ ધસી રહે છે ગુરૂ મર્ણ પામતા સધીર પૈસાની વાત ઉડાવે છે ચેલો ગુરૂ ગુમાવી હાથ ધસતો રહે છે પચાવેલા પૈસા માટે વાણિયા તથા બાવા વચ્ચે ધમાધમ.

પ્રવેશ ૯—ભયંકર ગુફા—કેદ કરેલી કુમુદીની ઉપર

જેસલનો બળાત્કાર, બાહદુર સરદાર આવી વણઝારાની જતી પોઠ લુટવાની ખબર સમજાવે છે, કુમુદનીને ગુફામાં પુરી જેશલ પોઠ લુટવા જવા તૈયાર થાય છે તેવામા મયકસીહ ભાણેજ મામા જેસલને મળવા આવે છે, મયકને રોકવાનુ કહી જેસલ પોઠ લુટવા જાયછે. પાછળથી કબ્જ થયેલી કુમુદનીનુ રૂદન સાભળી મયકસીહ તપાસ ચલાવે છે, આખરે પ્રેમી જોડાનો મેળાપ, મામાએ પોતાની પ્રેમપાત્ર કુમુદનીને કેદ કરી દુખી કરી જેવી ક્રોધે ભરાઇ કુમુદની સાથે ચાલી નીકળે છે તેવામા જેસલનો સરદાર બાહાદુરસીહ આવી રોકાણ કરે છે વીર મયકસીંહ ઉશ્કેરાઇ જઈ, ખુનખાર લડાઇ જગવે છે સરદારો તથા લુટારાઓની ભયકર લડાઇમા જેસલના સરદારોની હાર કુમુદનીનો મયકસીહ હાથે બચાવ, ટેબ્લો.

પ્રથમ અક સમાપ્ત.

અંક ૨ જો

પ્રવેશ ૧—દેરાનમા ભયાનક ગુફા-જેસલ લુટ ચલાવી પુષ્કળ દ્રવ્ય મળવાથી આનદીત બન્યો છે ત્યા તેનો સરદાર બાહદુરસીહ આવી કુમુદનીને મયકસીહ છોડાવી ગયો તેની ખબર આપે છે પાપી જેસલ ભાણેજ ઉપર ગુસ્સે થઈ તેને પકડવા માટે સરદારો સાથે અમરેશ્વર રાણી, કુમુદીની માતુશ્રીના રાજ્ય તરફ જવાની તૈયારી કરી પ્રથમ સરદારોને મોકલી પાછળથી પોતે જવાની તૈયારી કરેછે

પ્રવેશ ૨—જગલમાં-મયકસીહ ત્યા કુમુદીની ગુફામાથી સુખરૂપ છુટકારા માટે મયકનો ઉપકાર માની સ્વદેશ તરફ રવાનાથાયછે

પ્રવેશ ૩—ધરમશાળા—ત્યા તોરલ તથા સાસતીયાનુ ગુરૂને મળવા જવા મુકામ કરવુ, તેવામા ગુરૂ અખડાનંદનુ પોતાની જમાત સાથે ત્યાજ આવી મળવુ સાધુને ભોજન માટે સામગ્રીની ચીન્તા થવા સધીર નામનો વણીક આવે છે, સતી તોરલના રૂપથી મોહીત થઇ જાય છે સતી તોરલ સતમડળને ભોજન આપવાનો ઉપદેશ કરે છે સધીર શેઠ દગાઇ કરી તોરલ પાસેથી વચન લઇ સાધુને રસોઇ માટે અન્ન અપાવે છે સર્વ સાધુમડળ જમવા જાય છે. સાસતીયાને ગુરૂતરફથી મંત્રોપદેશ મળે છે, પાછળથી સધીર ઠગ વણીક સતી તોરલના વચનનો બદલો માગે છે, સતી હા પાડે છે, મુર્ખ સધીર શેઠ વીષયાધ્ બની પ્રેમની માગણી કરેછે ને પોતાના દ્વારે આવવાનું કહી ચાલ્યો જાય છે, પાછળથી તોરલનો સ્વામી આવી સર્વ વાતથી જાણીતો થાય છે, સત્યનો જય અને પાપીનો ક્ષય એ ઇશ્વરી નીયમ ને અધારે નીડર બની સતી તોરલ તથા તેનો ભક્ત સ્વામી સારતીયો વણીકના દ્વાર તરફ જાય છે

પ્રવેશ ૪—સધીરનુ ઘર વ્યભિચારી સધીર તોરલના મેલાપના આનદમાં ઠાઠમાઠ કરી નવીન પોસાક પહેરી ભત્રીજા લાલીયા સાથે આનદ કરે છે ત્યા સતી તથા તેનો સ્વામી આવી ઉત્તમ ભક્તીનો બોધ આપી સધીરને સુધારે છે છેવટે જ્ઞાન પામી સધીરની

૫૭૫૪

શુદ્ધી સુધરી જાય છે અને પોતાની તમામ મીલકત ભત્રીજા લાલીનાને સોપી પોતે સાધુ બની ઇશ્વર ભજન કરવા ગુરૂ અખંડાનંદના મંદીર તરફ જાય છે. સતી તોરલનો ઉપકાર માને છે

પ્રવેશ ૫—સમરેશ્વરી રાણીનો સમરગઢમાં ખાનગી દરબાર—કુમારી કુમુદીનીના વિયોગની ચીન્તા કરે છે, તેવામાં દાસી આવી કુમુદીનીના પધારવાની વધામણી આપે છે કુમુદીની તથા મયંકસીંહ પ્રવેશ કરે છે, રાણીનો અપાર આનંદ કુમુદીનીને સુખ દુઃખની વાર્તા પુછતા પાપી જેસલે આપેલા દુઃખમાથી છોડવનાર વીર મયકસીંહની ઓળખાણ કરાવે છે અને પોતાના અંગરક્ષક સરદારસીંહનુ મર્ણ જણાવે છે, રાણી સમરેશ્વરી મયકસીંહને સવ રૂપ ગુણ સંપન્ન સમજી કુમુદીનીના હસ્ત મેળાપની તૈયારી કરે છે. તેવામાં ત્રાસ ત્યા વર્તાવતો પાપી જેસલ આવી પોચેછે ભયકર ખુનખાર લઢાઇમા, મયંકસીંહ પોતાના મામાના હાથે માર્યા જાય છે બાદ મા દિકરી પર જેસલનો જુલ્મ રાણી સમરેશ્વરી જેસલને સતીઓમા શીરોમણી, સાક્ષાત દેવ રૂપ સતી તોરલના પ્રભાવનું મેણુ મારે છે જેથી તોરલને કબજે કરવાનો અભીમાન ધરે છે રાણી તથા સરદારોમા મહા ત્રાસ દાયક લડાઇ અને રાણી તથા કુમુરીનીને કેદ કરે છે ટેબ્લો

પ્રવેશ ૬—નાયકા મદનીકાને દ્વારે, માહાત્મા અખડાનંદનો શીષ્ય અભેદરામ આવે છે, કામદેવ જીતવાના ગુરૂ ઉપદેશને આધારે, ગુણકાદ્વારે નીવાસ કરે છે, મદનીકા, અભેદરામ ઉપર મોહીત થાય છે, પ્રેમ ઇચ્છાની માગણી અભેદરામ પલગમા સુતો સુતો ગુણકાને ધર્મોપદેશ કરે છે બાદ સાધુ પર મદનીકા ચીડાઇ જાય છે. ગુણકા વીષયના પુર જોસમાં આવી સુતેલા સાધુને સંટકાનો

માર મારે છે, અભેદરામ વેશ્યાના પલગને પાચ મીનીટ સ્પર્શ થવાથી પોતાને પડતા કષ્ટની હકીકત જણાવી રાત્રી દીવસ આજ પલગમા સુનારને ઇશ્વર તરફથી કેટલો અસહ્ય માર પડશે તેનો ખ્યાલ મદનીકાને સમજાવે છે, સત પુરૂષના મહાન વાકયનો ઉપદેશ થતા મદનીકાને જ્ઞાન પ્રાપ્ત થાય છે, અભેદરામની માફી માગી પોતે તેની શીષ્ય બની જાય છે

પ્રવેશ ૭—સતી તોરલના આશ્રમે સંતમડળનુ ભક્તી ગાન થાય છે, ત્યા મદનીકા=અભેદરામ સાથે શીષ્ય બને છે, કામ ક્રોધ લોભ મોહ જીતવાના અધીકારી અભેદરામને ગુરૂજી ધન્યવાદ આપે છે, જેથી બીજો શીષ્ય કામદેવ જીતવાને માટે જવાની ગુરૂ પાસે રજા માગે છે, મુકતાનદ કામદેવ જીતવાનો અભિમાન કરી રજા માગે છે બાદ જ્યોતીનારાયણ પ્રગટ થાય છે. ત્યા કપટી સાધુ વેશે તોરલને લેવાના વીચારથી આવેલો જેસલ ઘોડારશાળામા સતાઇ રહ્યો છે. તવામા તોરલ નામની ઘોડી છુટે છે તેને બાંધવા માટે સતી તોરલ આજ્ઞા કરે છે સેવકો ઘોડીને બધવા માટે ખીલી ઠોકતાં સતાઇ બેઠેલા તોરલના રૂપમાં લીન થએના જેસલની હથેલી વચ્ચે ભૂલથી ખીલી ઠોકાય છે. પાછળથી જ્યોતીનારાયણનો પ્રસાદ વહેચતા, સતીના હાથે એક ભાગ વધેછે, છેવટે શોધ કરતાં કોઇ સતાયલા માણસનો ભાગ સમજી તેની તપાસ કરે છે. જેસલને શોધી કાઢી, હકીકત પુછતા તોરલ ઉપર મોહીત થઇ પ્રેમની માગણી કરે છે, તોરલ સતી બોધ જ્ઞાન ઉપદેશ આપી જેસલને તેના પાપ કામનો તીરસ્કાર આપેછે જેસલ તોરલ ઉપર તરવાર ઉગામે છે ત્યા તેના સવાગ સજ્જડ થઇ ભુમીઉપર ચોટી જાય છે જેસલ પોતાના બળની હાની થઇ સમજી સતીનો ચમત્કાર જોઇ, ક્ષમા માગી દાસ બને છે, સુધરે છે

ઈશ્વરભકતીનો ઉપદેશ પામી સતી તોરલને ચરણે નમે છે, સતી દેવા, પાપી જેસલના હાથથી થયેલા કાળા કર્મના ચીત્ર બતાવે છે દેખ્લો.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો

પ્રવેશ ૧—રાજા માલદેવનો મહેલ મયંકની માતા પુત્ર વિયોગથી બેહદ ગમગીની તેવામાં સમરગઢની રાણી સમરેશ્વરી તરફથી મયંકના મૃત્યુ સમાચાર આવેલા સાંભળી રાણી તથા રાજાનો અત્યંત શોક. માલદેવનો ક્રોધ, પુત્ર મરણના વૈર લેવાના ઇરાદાથી સેનાપતીને લસ્કરની તૈયારી કરવાનો હુકમ, જેસલને પકડી લાવવાના દ્દઢ નિશ્ચયપર આવી પ્રયાણ કરવુ,

પ્રવેશ ૨—ગુફા. જેસલના ડાકુ સરદાર બહાદુરસીંહની જાળમાં સપડાયેલી કુમુદીની તથા સમરેશ્વરીની કેદી હાલત શીયળવતી કુમુદીનાના સૌન્દર્યપર મુગ્ધ થએલ બહાદુરસીંહની કુમુદીની પાસે પ્રેમની માગણી સતિના વ્રતપર અચળ રહેનારી કુમુદીનીનો તિરસ્કાર આથી મા દીકરીને દુરાત્મા બહાદુરસીંહની ધમકી શીયળના રક્ષણ માટે જીવનને તુચ્છ ગણનારી વિરાંગના કુમુદીનીનુ ટેકમા અચળ રહેવુ આથી ક્રોધ ભરાઈ તેલની કડકડતી કડાઇમાં નાખવાની તૈયારી તેવામા સુનિતીના પથે ચડેલો જેસલ તથા સતી તોરલ વીગેરેનુ

ત્યાં આવવું અને પાપીને આવુ પાપ ન કરવાનો સદબોધ પણ અજ્ઞાનના તિમીરથી ઘેરાયલા કામીને પથ્થરપર પાણી અને કરેલ હુકમનો અમલ કરવાની સંગાથીઓને સુચના પણ સતિનું શીયળ સાચવવાની તોરલની ઇશ્વરની સ્તુતીના પ્રભાવે અને પોતાના સત્વના પ્રાબલ્યે અચાનક પહાડની તળેટીમાથી રાક્ષસ પ્રકટ થઇ પાપી સરદાર બહાદુરસીહનેજ કડાયામા નાખી દેછે પાપીને તેના પાપનીયોગ્ય શીક્ષા દેખ્લો.

પ્રવેશ ૩—મદનીકા ગ્રહ કામ જીતવા નિકળેલા મુર્ખ શિષ્ય મુકતાનદનુ આવવુ ત્યા સત્મગ પ્રતાપે ધર્માવલંબી થયેલ મદનીકાનુ આવવુ માત્ર ઉપરથીજ શુદ્ધ દેખાતા બગ ભકત મુકતાનદનું મદનીકાપર મોહીત થવુ અને વિષય લાલશાએ પ્રેમની યાચના પણ પવીત્ર મદનીકાનો તીરસ્કાર અને સદબોધ તોપણ અજ્ઞાનતાને વશ થયેલ મુકતનાંદની એકજ હઠ આથી તેને સુરસ્તે લાવવા શુદ્ધ મદનીકાનો યુકિતસર ઉપરનો પ્રેમ અને મદનીકાની સુચના મુજબ વસ્ત્રાલકાર લેવા મુકતાનદનુ જવુ લેને ગય પુત ઔર ખો આઇ કસમ.

પ્રવેશ ૪—દરીયો તોરલની સાથે હોડીમા બેસી સૌરભ નગર જવા નીકળેલો જેશલ અચાનક પવનના વાવાઝોડાથી હોડીની ડુબવાની તૈયારી આ દૈવી કોપથી મોતને પાસે આવેલ જોઇ જેસલનો કુમકમાટ અને આ ભયથી મુકત કરવાને સતિ તોરલને જેસલની વિનંતી તેથી તોરલે તેને બચાવવાનુ વચન દઇ આજ પર્યંતના સઘળા પાપ ખોલવાને જેશલને કહેવુ આથી જેસલ પોતાના પાપો ખોલે છે અને સતિ તોરલ પોતાના શીયળ પ્રભાવે હોડીને કીનારે લાવે છે આથી જેસલ મુખે તોરલના યશોગાન અને સતિનો ઉપદેશ બાદ સફળની પ્રયાણુની તૈયારી ત્યાં પુત્ર વૈર લેવાની પ્રતિજ્ઞા

ફરી નિકળેલ રાજા માલવદેવનું લશ્કર સહીત આવી જેસલને કેદ કરવુ

દેખાવ.

પ્રવેશ ૫—મદનીકાનું નિવાસસ્થાન-સંસાર સુખની અભિલાષા માટે મરી ફીટેલો મુકતાનંદ મદનીકાની આજ્ઞાનુસાર લઇ આવેલા વસ્ત્રાલંકાર આપી પોતાની મલીન ઇચ્છા પરીપુર્ણ કરવા કહેવું, આથી તેની પાપવૃતી સુધારવા મદનીકા સદુપદેશ આપી તેને ખરે રસ્તે ચડાવવો બાદ ત્યાં સદગુરૂ અખંડાનંદ સાથે સતિ તોરલ વગેરેનું આવવું મદનીકા તથા મુકતાનંદનુ દર્શન કરી કૃતાર્થ થવું બાદ જેસલને કષ્ટ મુકત કરવા સર્વનું માલદેવ રાજાના દરબારમા પ્રયાણ

પ્રવેશ ૬—માલદેવનો ભવ્ય દરબાર-ભયંકર મૃત્યુ આગત જેસલ પાસે માલદેવનું ખુલાશો માગવો જેસલનો પશ્ચાતાપ કુંવરીનાની સમજાતા માલદેવે ક્રોધે ભરાઇ મયંકના ખુનના ગુનહની શીક્ષા કરવાનો દૃઢ વિચાર કરી ગુનાહના બદલામા જેસલના બન્ને હથોને કાપી નાખી વધ કરવાની તૈયારી તેવામા અખડાનંદ તથા સતિ તોરલ વિ આવી રાજાને અનેક પ્રકારે સમજાવવું અને કામ ક્રોધ, લોભ અને મોહનેજ ખરા ગુનેહગાર ગણાવી જેસલને દોષ રહીત ઠરાવી શિક્ષાથી મુકત કરવા કહેવું પણ તેથી નહી સમજતા માલવદેવનું પોતના વિચારોપર અચળ રહેવું જેથી તોરલ રાજા માલદેવનું તથા જેસલનું દુઃખ નિવારવા નારાયણનું સ્તવન કરે છે. પતિવ્રતાના પ્રભાવ ...નારાયણનું પ્રગટ થવું માલદેવના પુત્ર મયંકને સમજીવન મેળવવો અને જેસલના બન્ને હાથો સાજા થતા સર્વનો આનંદ અને મયંક કુમુદીનીના હસ્ત મેલાપ.

શાન્તિ: શાન્તિ, શાન્તિ:

—ઇત્યોરૂમ્--

શ્રી પરમાત્મને નમ :

જાુલમી જેસળ નાટકના ગાયનો.

અંક ૧ લો.

નાળાઓ સુત્રધાર— ૧

શ્રી સદચિત સરવાત્મન: બહુ નામી
યાચુ વૃષ્ટી ક્ષેમ સુધાની
સ્મરણુ ગામી સરવત્ર વ્યાપક સ્વામી
શીશુ શરણાગત અરપત હું પ્રાણા
ધારો ધ્યાન શીષ્ય જાણી
નાટય પથમાહિ અતી અટવાઇ
કુસપે લેવાઇ
મતી મુંઝાઇ
અગરેસર બુધીવર નીતીભર ન્યાયધર
ધીમતી શ્રીમતી સકળ સ્થાપો
તિમીર વીદાર યશને પ્રકાશ
અરીહરી ભાર દુ,ખને ઉથાપી
કૃતીના વરશ ભર ચરણ પ્રતાં
સતત સમાજમાં વ્યાપી

બાળાઓ— ૨

ચંબુ નમે સ્નેહે વળી વિનવે,
સતિઓના નામે મોટા મુનિયો નમે,—
શિયળ શ્રૃંગારે શાણી દેહ દીપાવે,
પતિ પ્રભુમા જેનુ મનડું રમે—સતિયો
હરિહર ને બ્રહ્મા જેના પારણીયે ઝુલ્યા.
સ્ત્રણના ઉત્તમ ગુણ તનના તાપ સમે—સતિયો.
સાવિત્રી સતિયે પતિને યમથી છોડાવ્યો.
ચારૂ ચરિત્ર જોતા જગને ગમે—સતિયો.

જાનડીઓ— ૩

ઝુરણ પડે ધરતી તપેરે, રાગે નગારાંની ઝુકરે.
સધીર તારી જાનમારે
દાદા વિના કેમ ચાલશેરે, દાદા રતનચંદ હાયરે,
અમર લોગમાં હોયરે—વરરાજા

સધીર—

નહુજી વીના કેમ ચાલશેરે,
વહુજી કાળજડાની કોરરે, આંખો કેર તુરરે
વરરાજા

જાનડીઓ

ઝુરણ પડે ધરતી નપેરે

હરિભદાસ, ઉજળી— ૪

આજારે બાલે જોબનવાલી,
જરા નૈનાસે નૈના મીલા મેરીજાન,—આજ૦રે.
જાના ઘો, છેડ કોક જોશે બાવાજી
સાસરીયાં જાણશે તો બગડસે બાજી.
છોડ અયમી બતીયાં કહ્યા મેરા માન—આજારે,
તેરી અદાસે ઘાયલ હુવાહુ
જરા ધારે સે ખિચ પ્યારી તિરછી કમાનઃ
(હોજા ચેલી, તુ નવેલી, હુ અલબેલી)
વા— આજારે.

અધીર લાલીઓ— ૫

વાવા, વાવા, કેવી નદકુળાને કેળવીરે,
(કાકા ખુબ કરી, સાધુને લીધો મેળવીરે,
વણિક વિદ્યા સહુથી મોટી, આદ વિદ્યા, એ આગળ મોટી,
અધધધ, અધધધ ધન, થયા તનુ પ્રસન્ન
મોટાભાઇ થયા પ્રભુ પ્રસન્ન (હુ (ખુ ખારા) વાવા, વાવા,
કાકા આ રૂપીઆમાંથી હવે હુ પરણીશ, મારા માટે નાનકડી
વેવાણી લાવીશ, પછી ?
પછી હુ મોટો ઠાઠ કરી મ્હારી લાડી સાથે મુબાઇ ફરવા જઇશ
અને ખાસ એક ફર્સ્ટકલાસ જોડાવીશ, અંદર બેસીને ને પછી
ગાડા આમ ચાલશે, જુઓ કી ......છક-છક છક-છક)
લલના ચુપ રહે, બધુ થશે
મફત માલથી મોજ ઉડાવો,

પોક મેલીને રોશો બાવો.
ચાલો હવે ઘેર, થય છે લીલાલ્હેર,
લાલીયા હું...
કાકા હ............હું હું હું......વાવા વાવા.

તોરલ, કુમુદિ, સખીઓ--ગરબો—૬

શ્રી હરિરે લોલ, પ્હેલો તે અવતાર કર્યો ધણારે,
મચ્છ તણો અવતાર મ્હારા વ્હાલારે
મચ્છે શંખાસુર મારીયોરે, વાળ્યા બ્રહ્માના વેદ ચાર, મારાવાલ્હા
જગપતિ કાનકેરં જુમણું રે લોલ —શ્રી હરિરે લોલ

સખી

વારાહ થૈ હિર્ણાક્ષનો કર્યો હરિ સંહાર.
ઉગાર્યો પ્રહલાદને, ધરિ નૃસિંહ અવતાર.

ઢાળ (૨)

ધર્યું પંચમ વામન રૂપરે, હરિ છળવાને બળિને,
ભરયુ ત્રિભુવન, ત્રિડગ માંહીરે ચાંપ્યો પાતાળે બળિને,
પરશુ ધરી, શસ્ત્ર અર્જુન ને માર્યો;
પાપિ ગર્વીષ્ટનો ગર્વ ઉતાર્યો;
કીધી, નિક્ષત્રિ ભુમી નાથરે, તાત વેરથી બળિને,

સાખી

રાવણ હણિ લાવ્યા સિતા, જન્મિ રઘુકુળરામ;
અધમોદ્ધારણ કૃષ્ણ થઇ, કર્યા ભકતના કામ;

ઢાળ (૩)

બુધ્ધા, અવતાર પ્રભુ રમ્યા ધરી, સ્નેહ લાવોને,
ભય હરશે કલકી અવતરી, ગોવીંદ ગુણ ગાવોને
એવા ચરિત્ર નારાયણના,-સ્નેહ લાવોને,
સમજીને નરનાર, ગોવિંદ ગુણ ગાવોને,
એ..... ....શ્રી હરિરે લોલ

તોરલ— ૧૭

સતિયોને વ્હેની, તનપર, સુન્દર સજતુ ધરેણું સાચું
રેકની ટીલડી કરતા લલાટે, લજ્જા કાજળ દ્રગ ભરીયે;
વિનયની વાળી નાકે ..પાળી, હરી હેત હાર, હૈયે ધરાયે-સાંત
કુલિનતા કેરી અજવા મલની, કોડે કંચુકિ નિત રૂડી,
હાથે કમનિય, પુન્ય કરોમા દાન તણી શુભ ચુડી—પ્રયિ
સાચી શિયળની અગ ઓપાવે, અણતો પતિવ્રત કેરો,
મમતા ઝાંઝર પગ ઝમકે, ચતુરાઇ ચરણીયો પ્હેરો—સતિયોને

મહાનંદા— ૮

પ્રેમ રંગે ને અનંગે ભરી યુવતી,
રસ પાસ ચઢ પ્રિય નરને પ્રિતે રીઝાવતી—રંગે૦
સુંદર મોહનજી હો, યૌવનના આગમા.
.. લ્યો સ્નેહ સાથ મધુર પ્રેમના પરાગમ ;
કલાવતિ, અગ પ્રિયે કળિ વિકસવતી—પ્રેમ રંગે૦

તો: હ-સ.સ્તિ મર્દાનિકા— ૯

.. યૌવન વનના માળી, પ્રિય પધારો મોહન મ્હારા,
..વન વસના દુષ્ટ ગણે મન આંટ કરે પિયુ પ્યારા

જારેજા દુષ્ટા અહિંથી અવી તું નિચક થાથી,
માની લ્યો પ્રિતમ વાત હિતની તમારા,
છાનીરે શાણો સતિ, ડાપણુ કરે શુ અતિ
મુકય પતરાજી બધા, મને તુ સતાવ ના,
ચાલ પ્યારી, સુખકારી તુ છે મ્હારી રસઝારી
વારી રસીયા હૃદયે વસનારા,
(હાં હા વ્હાલા આ શુ કરો)
ચૂપ,
જા   છો યૌવન વન—

કુમુદિની—   ૧૦

ખિલી શું આ ફુલ વાડીરે, સાહેલી શાણી;
રચના જોને રૂપાળ રે, સાહેલી શાણી;
લતા વૃક્ષે લળી ઝુમે, ભમ્ર કળિ કળિ ચુમે,
ઘેલા થઇ રસ ચુમેરે, સાહેલી શાણી
સુગધિ સમીર વચે તન પ્રફુલ્લિત થાયે.
મન થન મન થાયેરે, સાહેલી રાણી

સખીઓ કુમુદિની—   ૧૧

વા. રંગીલી રસવેલી, યૌવન મદમાતી રસીલી,
જાઓ બની શુ આમ ઘેલી, સતાવો શીદ મને સાહેલી
વારે છણુકો—ઓહો હણકો;
પ્રેમ તાન, માનમા ભરેલી—સતાવો શીદ મને સાહેલી,
હુ બાળા અજ્ઞાત સખી શુ, જાણુ પ્રેમની વાત,

પ્રેમ બીજ પ્રગટાય થતાં યૌવન વર્ષા શરૂઆત,
હાવ ભાવે સૌ જણાયે,
(બટક બેલી શુ જણાય ? ઉંહું.)
તજ આ કંચુકી કઠી ઢીલી-યૌવન મદમાતી—

કુમુદિની— ૧૨
,, નિકટ ન દેખું પારધી, વાગ્યાં ન દેખું બાણ;
,, હું તુજ પુછું હે સખી, શાથી નિકળ્યા પ્રાણ.
× × × × × ×

મંથક–,, જળ થોડુ પ્રિતિ ઘણી. વાગ્યાં મોહના બાણ;
,, તુ પી, તું પી, વિવાદમાં, નિકળ્યા બના પ્રાણ
× × × × × ×

કુમુદિની-મથક- (૧૩)
વ્હાલમ વ્હેલેરા પ્રિતથી દર્શન દાસીને દેજો.
મારા મીઠડા મોહન વરજી, રસીયા રદય કમળ રહેજો.
સ્નેહના સદેશા કહેજો.
પ્રિતના લ્હાવ લલિત લેજો.
શ્યામ વિરહી વધુ વધુ ના કરશો.
શાન્તિ સદા પ્રિય ઉરમાં ભરશો
સુખકર મનહર, હીમકર પ્રતિમા પળ પળ મન ઠરશો વ્હાલમ
શુધ્ધ સ્નેહના મંત્ર ભણીને, ગુણીગલ બાંધી દ્રઢ ગથી
હે પ્રિય પંથી
વા ગુણવંતી
(છે પ્રણામ)
(સિધાવો વ્હાલા) વિનતી ઉરધરજો—વ્હેલેર

મદનિકા— ૧૪

હારે રસીલું રંગ મધુ પીવેલું પ્યારૂં આ માંડ જોબન,
હું નાર નવેલી હું અલબેલી પ્રીય ચંગેલી રીઝાવું મોહન-રમી.
પ્રીતે રીતે લલના હું લટકે છેલને લોભાવું,
રસીયો રંગે રીઝાવું, જોબન ઝુલે ઝુલાવું,
અધરામૃત પાનમાં ગુલતાન કરી બાગી મન ભાવું,
આ તનમન વારૂં જીવન રસીલું.

મદનિકા— ૧૫

પ્યારે નયન ન મત મારો-મય હાર ગઈ.
બાલા જોબન હય બીચારો-મય હાર ગઈ
તીરછી નજરવાકે બાન લગત હમે.
કોઈ હકીમ ન હમારો મય હાર ગઈ
મય દુખ બેચન જાતી બીન્દ્રાબન
સૈયા મરોરે કહાન કારો મય હાર ગઈ

શેયર

એ તેગે અબ્રુને જખ્મ પીને હમે દીલદાર કર દીયા
હુએ બીનધારપર મેરે જીગરકા પાર કરદીયા પ્યારે નયન ન

તોરલ— ૧૬

,, પતિ નવ ઘર આવ્યા, યામિની પ્હોર વીતી,
,, અધિક હૃદય માંહી, લાગતી હાય બીતી
,, પ્રભુ પ્રભુ મુખ કે'તી, સ્વામિમાં ચિત્ત પ્રોતી,
,, અતિ અધિર થઈને, આવા હ.. પથ જોતી

તોરણ— ૧૭

આવો વાહરે અનાથોના નાથ વાહલાજી કરૂ વીનતી
દયા ધરી દીલમા દયા ઉગારો સ્વામી આ પળે હરી
પાન્ડવ ઝેરથી લીધા છે ઉગારી બળતા બચાવ્યા, બાળ મંઝરી
વળી તારયો ગજરાજ ઉગારો સ્વામી.

સાખી.

સજીવન કીધી નાર જાણી દાદ જયદેવની
તેમજ મુજ ભરથાર નિત્ય હરિ હરિ જીવતા કરો

વાહાલાજી વખત થાય સતીનુ સૌભાગ્ય જાયે
રાખો બાનાની લાજ, ઉગારો સ્વામી આ પળે

મુકતા-સધીર-લાલીઓ— | ૧૮
ઉજળી— |

હે હે મેરી મુડી, છોડ બાત અયસી ટેરી,
નહિતો માર માર અભી તેરી તોડુ પસલી
હે હેહેહેહેહેહે (૨) બાવાજીની બુદ્ધિ જુઓ ધુળમાં મળી-હે હે.
કહુ બનિયા તુ ઢોંગ ચલાવે,
વાણીયે પચાવ્યુ ધન પ્રભુ ન કઢાવે,
મારૂ લાત
હા—હા—આ શી વાત
કહો કાકા કેમ
થયુ ધન હજમ,
હાય શીરા કરમ,
જા—જા—
હે—હે —

કુમુદિની — મરાઠી સાખી-૧૯

ક્યાં નિજ સુખનું સ્થાન સરોવર, ક્યાં નિજ મયંક પ્રતાપી.
ક્રૂર કરિવરપદ કચરાતી, કુમુદિની રહી વિલાપી.
ઘો દુઃખ કાપી, સિંહનર આવી હણ્યો પાપી.

ટેબલો.

અંક બીજો.

લુટારાઓ — ૨૦

સૌ રણવીરો થઇને સજો સુરવીરો લ્યો હાથ હથીઆર
રીપુને દળવા જબરજંગ પ્રબળ બળથી બહાદુર નર
દુશ્મનને મારી હાર વરતાવો હાહાકાર
બન્યા બાપલા નર દુશ્મન બધ લાચાર.
નમતા બહાદુર નર લુટીએ માલ,
થઇએ નિહાલ, સદા અમન કરીએ આમન
પીને ખુબ લાલ રંગ

જેસલ— ૨૧

મારૂ મારૂં આ તલવારે પાપીને.
શોધીને બાપીને જાઉં લાઉં ઝટપટ

કરી છળ ધરી બળ પેસે ખળ જો ભુતળ
દુષ્ટને પછાડુ કષ્ટ હુ પછાડુ બહુ રજાડુ.
ધીક્કાર ધાકકાર કુર વેરી થશે દુરજન
ક્રોધ વ્હાય પ્રગટાય, ઉરમાંહી ન સમાય,
કોપીને વંદારૂ પાપીને સહારૂ ગર્વ સહુ ઉતારૂ—મારૂ મારૂ

કુમુદી-મયંક— ૨૨

પ્રિતિના પથે જે પ્રાણી વિચરતા, નહિ કોઇની પરવા કરતા,
ભ્રમર કમળને પ્રાણજ દે છે, મૃગ પ્રેમે વિધાઇ રહે છે
પ્રિત રીત નહિ રહેલી રસિના, છે બહુ મુસ્કેલી,
ઉરમા પ્રેમ ધરતા અવનિમા વિ'લ અનુસરતા પ્રિતિના પથે

તોરલ— ૨૩

મીઠી મીઠી ની.. દરડો લ્યોને વ્હાલ,
સ્વામી થાઓ સુખાળા.
સેવુ ચરણ કોમળ સુકોમળ
સ્નેહ ધરી રસનાએ રટુ નામ,
શ્રેયની સુરતી જપુ માળા
સુખી રહો, રઢીઆળા—મીઠી મીઠી

અમદાનદ સાધુઓ— ૨૪

નારાયણ મુખ ગાવો સાધુભાઇ, હરિસો ધ્યાન લગાવોરે
કાયા માયા છોડ અલેખે, નિર્ભય બાસ બસાવો
કામ ક્રોધ મદ લોભ મોહકો મનસે માર હટાવોરે
ત્રીકુટી તારમ ન ન સ ' ધુન અલખકી જગાવોરે નારાયણ

તોરલ— ૨૫

તેમ જે વિણુ સ્હાય શ્રીવરરે સતિના આધાર.
ભક્તોની ભીડયુ ભાંગનાર સાચાના તમે સ્હાયકાર.
આવ્યુ ધર્મ સંકટ માથે, હરિ બાજી તારે હાથે
વચને બંધાઈ છુ હુ નાર, વાલારે વેગે કરો વ્હાર–સાચાન
વિકુલવર વિપતિ નિવારો, ભરસો છે એક તમારો
ભાગ્યાના છો ભેર સરજનહાર, વ્હાલારે, લજ્જા રાખનાર સ૦

વારાંગનાઓ— ૨૬

ગાજય સિંહાસન રાજેરે શુરવીર મહારાણી
રહે પ્રજા સંપે સુખમાણીરે, શુરવીર મહારાણી
દિર્તી કિરણ ધારી ચંદ્રિકા જેવા
ન્યાય સુધા વરસો વાણીરે —શુરવીર.
પાપી શત્રુ દળ કમળ સમુહની,
રૂતુ હિંમત રૂપે જાણીરે—શુરવીર.

મદનિકા— ૨૭

હુ નાનકડી નાર, નખરે રીઝાવુ માગ કંથને
ખીલ્યો યોવનનો બહાર, મ્હેકે રીઝાવુ મારા કંથને
મારે આંગણીએ સુંદર કેવડો, નર્ણદલ રોજરોજ આક
એરે કેવડીએ મોહયો પડોશી, હઉતો દીલ એનું દા
હે ..... હે
ચટકે ચટકે મોહી રહી છુ. તેપર એતો મ્હોશે
બળીઝુળીને કય કુબડો, માથે ઓઢી રોશે
છોને બળતો રોજ કકળતો, ખુવાર ચાલો
ખારે ખારે મરતો— હુંતો નાનકડી.

આહ્નિકા અમરેરામ — ૨૮

તેવા સુખ સંસારના સુંદર મહીલાથી માણીએ,
અલબેલા ઉમંગથી અબલાપર પ્રીતી આણીએ
અમુલખ બટકુ યેવન કેરૂ ગયુ ફરી નવ આવે
ગ્રહીને રામા રસીક સંગાથે ભોગ ભોગવો ભાવે-મનહરમાણીએ
કામીની મનમાહ્યા વિકટ વિપીન જ્હાં કામ ચોરકા આસા
મુકિત મણી હાથોસે છીનલે, દેવે દુરગતિ ફાસા=પ્રીતી આણીએ
પીન પાંયો ધરી અભુજ વદના, વળી ભર જાબન અંગે
જન્મ વૃથા તે જનનો જગમા, જે રવ રાચે રંગે-પ્રીતીઆણુંએ
નકરવમડી હયગી રડી તપો વીખડી જાને
ઉસપર જે મોહાંધ અને નર મુર્ખ માહા મોહી માને-પ્રીતી

આહ્નિકા— ૨૯

ગાઉ હુ ગુણ તારારે,
સ્નેહ કમલાવર પ્યારારે હે જગનથ,
સંસાર સાગર મહાજળ તરવા,
શ્રીહરિ સાચા નાવ પ્યારારે--હે જ નાથ
પુણ્ય પતીત હુ અધમ સાની,
દીનબંધુ તારી દીનદારારે આ તારે દીનદારારે=હે જગનાથ,

તોરણ તથા સર્વ ભકત મંડળ—

ભજન ૩૦

સદગુરૂ મળીયા, સર્વે સંશય ટળીઆ,
મ્હારી ભય ગઈ ભ્રમણા ભાગીજી દોજી
બજ બંધુડા પ્રેમ પલીતો;

મને જ્ઞાન ગલોલીયુ વાગીજી હોજી—સદ્ગુરૂ૦
શુરા નર હોય તે તો સન્મુખ લડશે,
બોલ્યા કાયર જાશે ભાગી હોજીજી
ધન ધન દાડો પ્રભુ પાટે પાવર્યા,
ઉડી ઝળ હળ જ્યોત્યુ જાગીજી હોજી—સદગુરૂ૦
ગુરૂજી પ્રતાપે બોલ્યા તોરલદે,
અમને લ્હેયુ ધણીની લાગીજી હોજી—સદગુરૂ૦

તોરલ—   ૩૧

જેસલ કરી લે વિચાર માથે જમ કેરો
સ્વપ્ના જેવોરે સંસાર, તેળાદે કરે છે પેકર
આવોને જેસલ રાય આપણ મળીયે
ખરા સંત હોયે ત્યા જઇ ભળીયેજી
આ ભવ આવીયો અવતાર માથે સદ્ગુરૂ ધાર,
જાવુ ધણીને દરબાર બેડલી ઉતારે ભવપાર-આવોને—
મોતિ એરણમા ઓરય, માથે ઘરણુ કેરા ઘાય,
ફુટે ફોગટીયા કહેવાય, મચાનો ખરે ખબયું થાય-આવોને—
નવલખ કોથળીઓ બંધાય, ત્યારે ગાંધીડો કહેવાય,
હિરામાણેક હાટે વચાય તેના મૂલ મોંઘા થાય આવે ને—
નિત્ય નિત્ય ઉઠી ન્હાવા જાય કાયલા નિર્મળી ન થાય,
બેગ ગુણિકાનો તેતો બાય કોને કહેવા જાય આવોને—
દેખાદેખી કરવાને જાય, એ નર અધુરીયા કહેવાય,
હાથમા દીવો લઇને, છતી આંખે કુવે પડવા જાય,
એવી ચાર જુગની વણી સતિ તોરલ દેવા ગાય આવોને—

અંક ત્રીજો

કુમારે સખીઓ— ૩૨

સખી નવ ચેન દિવસ રેન પડ લગાર મને,
આવે કયારે પુત્ર પ્યારો, એલાડકાવાયો મારો.
અધીરૂ એ વિણ અતિ આ, ઉર ચિન્તાતુર બને-સખી૦
ધીરજ મન ધારો બાઇ, કરો નહીં ચિન્તા કાંઇ.
કુમારશ્રી કાલે મળશે. આશા સહુ આપની ફળશે,
વામ અગ ફરકે મારૂ મનડુ એથી ધરે ઉચાટનો૧સખી૦

સમરેશ્વરી— ૩૩

નીર્દય ભાગ્યની કેવી અવળી બાજી જણાયે,
રાજ્યને પાટ સૌ હારી નારી સાને સરજી હુ હાયે—અવળી૦
દુખકર આવા દીવસ વીતાવુ ઉલટુ ભવીશ હા થાએ.
કયા દુખ વન આ રાજ્ય સુખો કયાં,
કેમ લખ્યુ શે શુભાગે——અવળી બાજી૦

જેસલ તોરલ— ૩૪

ભજીલે મન નારાયણનુ નામ,
જાવુ છે માયા મેલી, દીન જનના સાચા બેલી,
રાધાવર ઘનશ્યામ—ભજીલે૦
ઉત્તમ નર, તન મળતાં, માનવ કરીને ઉત્તમ કામ,
આ પળ એળે જો જાશે તો, પડશે ચોરાશી ઠામ,
અન્યુ આ ઉત્તમ ટાણું. નહિ મળે ખરૂં નાણુ,
મોંઘુ મુકિતનુ ધામ—ભજીલે૦

સાખી.

મોહ જત સો ભય ટળે, ભય ટળતાં દૂર શોક,
શોક જતા શાન્તી મળે શાન્તી સુખદ વિલોક;
જાવુ છે માયા મેલી—

મહનિકા મુકતાનંદ- ... ૩૫

છો મારા જીવન આધાર જોગીરાજ
કયથી બાંકી ભ્રકુટી કમાન,
પ્યારી નયનોકા ન મારો બાન.
માણો રંગરાજ ભોગી આજ- છે૦ મારા

શાખી.

કમન નથની ઝામણી તરસર હીરા હાર,
સાડી સુરત શહેરની લાવી દયો આવાર,
અખી જોકે મેંચ બાકે આતા હુ દિલદાર,
તુજે પ્યારી દુલારી સજાવું સીનગાર-છો મારા

તોરલ જેશલ ૩૬

પાપ ત્હારૂ પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશગે,
ત્હારી બેડલીને બુડવા નહિ દઉં જાડેજારે-તોરલ કહે છે.
હરણ હેર્યાં લખચાર તોરલ દે હરણુ હેર્યાં લખ ચારરે.
કમક વનના મૃગલા મારીયા, તોળાદેરે જેશળ કહે છે
કર્મ ત્હારાં સભાળ જાડેજા ધર્મ ત્હારો સભાયરે-તારી બેડલી.
લુટી કુવારી જાન સતિનારી લુટી કુવારી જાનરે,
સાત વીશુ મોડબધ મારીયા તોળાદેરે, જેસલ કહે છે.
ધર્મ ત્હારો સભળાય જાડેજા ધર્મ ત્હારો સભળાયરે-તારી બેડલી.
તોડી સરોવર પાળ, સતિ નારી તોડી સરોવર પાળરે.
બ્હેન ભાણેજને દુભવ્યા તોળાદેરે જેસલ કહે છે
કઇક પરમારથ કર જાડેજા કંઇક પરમારથ કરરે—તારી બેડલી

માથાના જેટલા વાળ સતિ નારી માથાના જેટલા વાળરે
એટલા કુકમ મ્હે કર્યા તોળાદેરે જેસલ કહે જે
પાપ મ્હારૂ પ્રકાશ જાડેજા પાપ મ્હારૂ પ્રકાશો
વિનવે જેશલ રાય સતિને વિનવે જેશલ રાય,
સતિ નારી આ તારી બેડલી ભવપાર ઉતારો,

ગરબી મદનિકા— ૩૭

ભગત ભય હારી વૈકુંઠના વીહારી વ્હાલા
નામ પરવારી શ્રી ગીરધારીલાલા—ભગત
વીશ્વનાટકના જીવ નટોને સ્વેચ્છાથી સર્વ નચાવે
સુત્રધાર એવા પ્રભુ પોતે નોતમ ખેલ રચાવે વ્હાલા-ભકત
સાધ્ય મુનીશ્વર ધ્યાન ધરે વળી
શેષ શારદ ગુણ ગાયે એવા પ્રભુને નિશીદીન ભજતા
જન્મ મરણ ટળી જાએ વ્હાલા-ભકત ભયહારી

સમાપ્ત

જાહેર ખબર.

નીચે છપેલાં પુસ્તકો શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજ મુકામ હોય ત્યાંથી મળશે. માટે જેઓ સાહેબને જોઈતાં હોય તેઓ રોકડી કીમતથી મગાવી લેવા વી. પી થી મોકલવામા આવશે ના નોટપેડ કાગળો રાખવામાં આવશે નહીં.

ચોપડીઓના નામ			રૂ. આ. પા.
૧ સરસ્વતીચંદ્ર નાટકના ગાયનો		(આવૃતી આઠમી)	૦—૨—૦
૨ પરશુરામ	,,	(આવૃતી છઠી)	૦—૨—૦
૩ ઇંદ્રાવતી	,,	(આવૃતી ચોથી)	૦—૨—૦
૪ જુલમી-જેશલ	,,		૦—૨—૦
૫ આર્ય વિજય	,,		૦—૨—૦
૬ અમર યોગીન્દ્ર	,,		૦—૨—૦
૭ બાદશાહી હોશ	,,		૦—૨—૦
૮ પ્રતાપી પ્રમિલા [ભાષણ સહીત]			૦—૮—૦
૯ ચિતોડનો કરણ	,,		૦—૮—૦
૧૦ કામલતા	,,		૦—૮—૦
૧૧ સત્યવાદી હરીશ્ચંદ્ર			૦—૮—૦

માલેક,

શ્રી આર્ય નીતિ દર્શક નાટક સમાજ.